ગાંધીનગર સમાચાર

**સતત ૨૫મા વર્ષે મુક્તિધામમાં પારેખદાદાની વાંસળીના સૂરો રેલાશે**

## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો રવિભાઈ બ્રહ્મભટ્ટ તરફથી મુકિતધામ સે-૩૦ ખાતે બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો પારુલબેન મોદી પ્લોટ નં. ૧૧૪૪/૨, સે-૨-ડી ખાતે બપોરે યોજાશે.

● શકિત મંડળ દ્વારા આનંદનો ગરબો હંસાબેન પરીખ તરફથી અંબાજી મંદિર, સે-૧૪ ખાતે સવારે ૧૧ થી ૧ કલાકે યોજાશે.

● પંકજભાઈ પટેલ સ્વર્ગસપના સોસાયટી પેથાપુર ખાતે બપોરે ૨ થી ૫ આનંદનો ગરબો યોજાશે.

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો સાંઈબાબા મંદિર સે-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાકે તથા તેજલબેન શુકલ પ્લોટ નં. ૬૧૭/૨, સે-૪-સી ખાતે રાત્રે ૮ થી ૧૧ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● કોલવડા ગામ સ્થિત રામજીમંદિર ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ રાત્રે ૮ કલાકે યોજાશે.


● મૃતાત્માની આત્માની શાંતિ અર્થે મુકિતધામ સે-૩૦ ખાતે ભજન સંધ્યા રાત્રે યોજાશે.

● સે-૨૧ બ્રહ્મ સમાજની બેઠક નમન એપાર્ટમેન્ટ પંચશીલ પાર્ક, પ્લોટ નં. ૭૨૨/૧ -એ માં સાંજે ૫ કલાકે સે-૨૧ ખાતે યોજાશે.

● શ્રી ગીજુભાઈ ત્રિવેદી એક વિરલ વ્યકિતત્વ વિષય પર ભાનુપ્રસાદ પુરાણીનું વકતવ્ય સવારે ૧૦.૩૦ કલાકે લોકક્ષેત્ર લાકરોડા તા. માણસા જી. ગાંધીનગર ખાતે યોજાશે.

# સ્વચ્છતા 'મોબાઈલ એપ'ને સાનુકુળ પ્રતિસાદ

**બે જ દિવસમાં ૩૫૦થી વધુ ફરિયાદો મળી : ૨૦૦ જેટલી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ : આપણું ફાઉન્ડેશન દ્વારા 'સ્વચ્છતા એમઓયુડીએપ' વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન**




ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા તથા આપણું ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે લોન્ચ કરાયેલ 'સ્વચ્છતા' મોબાઈલ એપને શહેરમાંથી ખૂબ જ ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડયો છે. આ મોબાઈલ એપ પર પ્રથમ બે દિવસમાં જ ૩૫૦થી વધુ ફરિયાદો પ્રાપ્ત થઈ છે જેમાંથી ૨૦૦ જેટલી ફરિયાદો ઉકેલવામાં પણ આવી ચુકી છે. આ મોબાઈલ એપને બે જ દિવસમાં ૩૫૦થી વધુ નગરજનો તેમના સ્માર્ટફોનમાં ડાઉનલોડ કરી ચુકયા છે આ સ્વચ્છતા અભિયાનમાં શહેરના ૧૨૫થી વધુ યુવા સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત મનપાએ 'સ્વચ્છતા એમઓયુડી' નામની મોબાઈલ એપ લોન્ચ કરી છે જે એન્ડ્રોઈડ તથા આઈફોનમાં ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. આ મોબાઈલ એપ દ્વારા શહેરમાં જયાં ગંદકી હોય તે સ્થળનો ફોટો અપલોડ કરી ફરિયાદ કરી શકાય છે જેને મનપા ૨૪ કલાકની અંદર દૂર કરવા પ્રયત્ન કરશે. આ કાર્ય માટે મનપાએ શહેરની સ્વૈચ્છિક સંસ્થા 'આપણું ફાઉન્ડેશન' સાથે હાથ મિલાવ્યા છે. વળી પ્રોજેકટને શહેરની અન્ય ૧૫ જેટલી સંસ્થાઓ જેવી કે કલ્પતરુ પાવર, લીઓ ગૃપ, ગાંધીનગર સમાચાર, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, એબીવીપી ગાંધીનગર, કેરિયર ગુજરાત, હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન, સહજાનંદ લેઝર ટેક, પ્રયાસ ફાઉન્ડેશન, ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, મંઝીલ ન્યુઝ અને ફાસ્ટર એજયુકેશન વગેરેનો પણ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

### 'સ્વચ્છતા' એપ ડાઉનલોડ કરો

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્વચ્છતા મોબાઈલ એપને ડાઉનલોડ કરવા માટે પ્લે સ્ટોરમાં જઈને 'સ્વચ્છતા એમઓયુડી' ટાઈપ કરવાથી નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે. એપ દ્વારા શહેરમાં જયં ગંદકી હોય તેનો ફોટો અને વિગત અપલોડ કરી તેની ફરિયાદ નોંધાવી શકાય છે.

### સ્વચ્છતા મોબાઈલ એપ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન

'સ્વચ્છતા એમઓયુડી એપ' લોન્ચ કરવા સાથે આપણું ફાઉન્ડેશન દ્વારા મનપાના સહયોગથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતાને રૂ. ૫૦૦૧, દ્વિતિય ક્રમે વિજેતાને રૂ. ૨૫૦૧ અને તૃતીયક્રમે વિજેતાને રૂ. ૧૦૦૧નું રોકડ ઈનામ અપાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે 'સ્વચ્છતા' વિષયે નિબંધ લખી લખનારના નામ, એડ્રેસ તથા કોન્ટેકટ નંબર સાથે તેને aapnufoundation@gmail.com પર તા. ૧૫મી ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં મોકલી આપવાનો છે. આ સ્પર્ધામાં માત્ર ગાંધીનગર મનપાની હદમાં રહેતા રહીશો જ ભાગ લઈ શકશે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં ઠંડા પાણીનું કુલર બંધ થઈ જવા પામતા દર્દીઓ તથા તેમના સગા સ્નેહીઓ સહિત હોસ્પિટલના મુલાકાતીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. છેવટે પાણી માટે દર્દીના સગાઓને છેક સાતમા માળ સુધી લાંબા થવું પડી રહ્યું છે.

● નોટબંધીના માહોલમાં બે દિવસની સળંગ રજા બાદ બેંકો ખુલતા ફરીથી લાંબી લાઈનો લાગશે તેવી દહેશત હતી પરંતુ બેંકોમાં પુરતી 'કેશ'ના અભાવે આ લાઈનોની સમસ્યા દૂર થઈ છે. જો કે લાઈનની સમસ્યા બેંક માટે ભલે દૂર થઈ હોય પરંતુ નાણાંની તંગીના કારણે સામાન્ય નાગરિકની હાલાકી હજુ પણ એટલી જ ગંભીર વર્તાઈ રહી છે.

● શહેરના ઘ માર્ગ પર ઘ-૪ સર્કલ પાસે એક બાઈક ચાલકની ટકકર કાર સાથે થઈ જતા તે પડી ગયો હતો. આ બાઈક સવારને ઉભો કરવા આસપાસના નાગરિકો ભેગા થઈ ગયા હતા અને કારચાલક સાથે રકઝક કરી હતી પરંતુ બાઈકસવારને કોઈ ઈજા ના થઈ હોવાથી થોડીક વારમાં મામલો શાંત પડી ગયો હતો.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં સ્માર્ટ એકિઝબિશન યોજાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ રાંધેજા ખાતે તા. ૨૬ નવેમ્બર શનિવારના રોજ સ્માર્ટ એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં ગુજરાતી, અંગ્રેજી, સી.આઈ.ઈ. કક્ષાના વિદ્યાર્થીઓએ (સાયન્સ, સોશિયલ સાયન્સ, મેથ્સ અને આર્ટ) સ્માર્ટના જુદા જુદા મોડેલ, ગમ્મત, કોયડા, ચાર્ટ, હસ્તકલાની કૃતિઓ વગેરે શૈક્ષણિક અને સામાજિક હેતુઓનો સર્વાંગી વિકાસ થાય તે રીતે બાળકોએ પોતાની સુઝબુઝ, ચાતુર્ય, બુધ્ધિ, અવલોકન શકિત, નિર્ણયશકિતનો ઉપયોગ કરી ખુબ રસથી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બનાવ્યા હતા. વાલીઓએ પોતાના બાળકોની કૃતિ નિહાળી આનંદ, ઉત્સાહ અને ગૌરવનો અનુભવ કર્યો હતો.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અને આચાર્યા ક્રિના ક્રિશ્ચિયને ખૂબ રસ લઈ દરેક કૃતિને નિહાળી બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે હેતુથી લેખિત સજેશનરૂપે ઓટોગ્રાફ આપ્યા હતા. સમગ્ર પ્રદર્શનમાં આર્ટ ગેલેરી ખૂબ જ આકર્ષક રહી હતી. સ્વહસ્તે બનાવેલી કૃતિની રજુઆતના આધારે નિર્ણાયકોએ પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબરો આપી સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## સતત ૨૫મા વર્ષે મુકિતધામમાં પારેખદાદાની વાંસળીના સૂરો રેલાશે

**મંગળવારે કારતક અમાસે મૃતાત્માઓના આત્માની શાંતિ માટે ભજન સંધ્યા યોજવામાં આવે છે**

ગાંધીનગર, તા.૨૮

ફરી એકવાર કાર્તિકી અમાવસ્યાએ ગાંધીનગરના સે-૩૦ના મુકિતધામ સ્મશાન ખાતે રાતભર 'પારેખદાદા'ની વાંસળીના સૂરો રેલાશે. સતત ૨૫મા વર્ષે ૭૨ વર્ષીય પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ ઉર્ફે 'પારેખદાદા'ના હુલામણા નામથી ઓળખાતા વાંસળી વાદક શહેરના નામી અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે કારતક માસની અમાસ એટલે કે તા. ૯મી નવેમ્બર મંગળવાર રાત્રે રાતભર ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. આ વર્ષે તેમની સાથે અમદાવાદના સુવિખ્યાત હાર્મોનિયમ વાદક પલ્લવી મલાવિયા 'પારેખદાદા'ની વાંળી સાથે હાર્મોનિયમની જુગલબંધી કરશે.



ગાંધીનગર શહેરમાં સમગ્ર વર્ષ દરમિયાન અવસાન પામેલ નામી અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ માટે દર વર્ષે કારતક માસની અમાસે મુકિતધામ સ્મશાન ખાતે વાંસળીવાદન સાથેની રાતભર ભજન સંધ્યાનો કાર્યક્રમ 'પારેખદાદા' દ્વારા કરવામાં આવે છે.

આ વખતે સતત ૨૫મા વર્ષે આ કાર્યક્રમ યોજાશે. જેમાં પારેખદાદાની વાંસળીને પલ્લવી મલાવિયાના હાર્મોનિયમનો પણ સાથ મળશે. આ ઉપરાંત પારેખદાદાના પુત્ર રાજેશ પારેખ સહિત ઋષિ શ્રીમાળી અને ચંદ્રકાન્ત પંડયા વગેરે તબલાની સંગત પુરી પાડશે. આ સમગ્ર કાર્યક્રમ દાતાઓના સહકારથી યોજાય છે. જેમાં રોહિતભાઈ દરજી અને અશોકભાઈ શર્મા દ્વારા ગાદલા વગેરેની વ્યવસ્થા, હરેશભાઈ રાવત તરફથી નાસ્તાની અને પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈ તરફથી ચાની વ્યવસ્થા કરવામાં આવશે. આ સાથે સોનીપુર ગામના ચિરાગ સાઉન્ડ તરફથી માઈક-સ્પીકર્સ વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે જુનિયર સિટીઝન કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણી જીલુભા ધાંધલ દ્વારા જરૂરી મદદ સેવા પુરી પાડવામાં આવી રહી છે.

## જિલ્લા દલિત સેનાની સ્નેહમિલન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. આંબેડકર ભવન, સે-૧૨ ગાંધીનગર ખાતે સ્નેહમિલન બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠક જિલ્લા પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં શહીદ સૈનિકો તેમજ પદાધિકારીના સગા સંબંધીના સ્વર્ગસ્થને બે મિનિટ મૌન પળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ મેસરવાલાએ દરેકને નવા વર્ષની શુભેચ્છા પાઠવી, ભાવિ કાર્યક્રમ સંગઠન મજબુત બનાવવા તેમજ દલિતો પર થયેલ અત્યાચાર બાબતે દલિત સેનાની ભૂમિકા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ બેઠકમાં ડૉ. તેજલ દલાલે ઉપસ્થિત રહી જરૂરીયાત બાળકોને ચશ્માના અભાવે તેમનો અભ્યાસ પર અસર અને જરૂરીયાતમંદ વડીલો પણ ચશ્માના અભાવથી રોજમદા જીવનમાં કામકાજમાં તકલીફ અનુભવે છે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને તેનો લાભ નગરના ગરીબ વર્ગ તેમજ અન્ય વર્ગના લોકોને મળે તે માટે કેમ્પ યોજવા સુચન સુચન કર્યું હતું. દલિત સેના પ્રમુખે સુચન આવકારી કેમ્પ યોજવાનું નક્કી કર્યું હતું. આ બેઠકમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સેનાના પદાધિકારીઓએ સુચનો કર્યા હતા. આ બેઠકમાં ગુ. પ્રદેશ ઉત્તર ઝોન પ્રભારી કનુભાઈ ચૌહાણ અને કૃષ્ણભાઈએ ઉપસ્થિત રહી સંગઠન મજબૂત કરવા દરેક સભ્યોના દિલ્હીથી એકટીવ મેમ્બરના કાર્ડનું વિતરણ કર્યું હતું. આ બેઠકમાં હીરાભાઈ વણકર, દશરથભાઈ, રમણભાઈ, કરસનભાઈ સોલંકી, પી.એમ. પરમાર, વિપુલ ડોડિયા, પુષ્પાબેન ડોડિયા, પરસોત્તમભાઈ મોહન બાલુવાકર, ગુલાબચંદ પટેલ, મહેન્દ્રભાઈ, જયંતિભાઈ ચૌહાણ, ભલાભાઈ રાઠોડ તેમજ અન્ય પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સફળ સંચાલન મોહનભાઈ બાલુવાકરે કર્યું હતું. જયારે આભારવિધિ દશરથભાઈ આર. પરમારે કરી હતી.

## સીનીયર સીટીઝન્સ કાઉન્સિલની માસિક મીટીંગ બુધવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૮

સીનીયર સીટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની નવેમ્બર માસની માસિક સભા તા. ૩૦મી નવેમ્બરે બુધવારે સાંજે ચાર વાગે સૌરાષ્ટ્ર લેઉવા પાટીદાર સમાજવાડી સે-૭ ખાતે મળશે. દરેક સભ્યોને હાજર રહેવા માટે મંત્રીશ્રી જે.એલ. શાહે જણાવેલ છે.

## ગીફટસીટી નજીક શંકાસ્પદ હાલતમાં શ્રમિકનું મોત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના ગીફટસીટી ખાતે ૪૪ વર્ષીય શ્રમિકનું શંકાસ્પદ મોત થવા પામ્યું હતું. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર પાસે ગિફટસીટી સંકુલમાં બહાદુરસિંહ ચંદુલાલ બાવરી નામના ૪૪ વર્ષીય શ્રમિક પોતાના પરીવાર સાથે રહેતા હતા. આ દરમિયાન શ્રમિક બહાદુરસિંહ ગત રોજ મોડી રાત્રે જમી પરવારી સુઈ ગયા હતા. વહેલી સવારે શ્રમિક મૃત હાલતમાં જણાતા પરિવારજનો ચિંતિત બની ગયા હતા અને તુરંત પોલીસને જાણ કરી હતી. ડભોડા પોલીસે બનાવ સ્થળે આવી તપાસ હાથ ધરી હતી. આ મામલે ડભોડા પોલીસે શ્રમિકના મૃત્યુ પાછળની હકીકત શોધવા પણ ચક્રો ગતિમાન કર્યા હતા.

## એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાની વિદ્યાર્થીનીઓએ બેંકની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ધો-૮ની ૨૦૫ વિદ્યાર્થીનીઓએ સે-૨૨માં આવેલ માણસા નાગરિક કો.ઓ. બેંકની મુલાકાત લીધી હતી તથા ૧૪૫ વિદ્યાર્થીનીઓએ સે-૨૩માં આવેલ મહેસાણા અર્બન કો.ઓ. બેંકની મુલાકાત લીધી હતી. બેંકના મેનેજરશ્રીએ વિદ્યાર્થીની બહેનોને બેંકની કામગીરી, ખાતાઓના પ્રકાર, ચેક, ડી.ડી. તથા એટીએમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકશ્રી ચંદ્રકાંતભાઈએ કર્યું હતું. શાળાના આચાર્યા શ્રી નીરૂબેન જે. પટેલે સહકાર આપવા બદલ બેંકના મેનેજરશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘનો નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સેકટર-૫ના જાહેર બગીચા ખાતે નવા વર્ષ નિમિત્તે ભવ્ય સ્નેહમિલન સમારંભનું આયોજન ૨૭મીએ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમારંભની શરૂઆતમાં મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ ઉપસ્થિત સર્વે વસાહતી ભાઈ બહેનોને, શહેરના અગ્રણીઓને આવકારી નવ વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની જાણકારી પણ આપી હતી તેમજ શહેરના વિકાસ અને પ્રગતિમાં વધારો થાય તે માટે સૌના સાથ સહકાર માટે અપીલ કરી હતી અને સંગઠનને મજબુત કરવા વધુ યોગદાન આપવા માટે પણ જણાવ્યું હતું.

સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના ઉત્તરના વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલને આમંત્રિત કરવામાં આવ્યા હતા તેમણે સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમણે શહેરના વિકાસમાં આપેલા યોગદાનની જાણકારી આપી હતી. તેમજ શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે સાથ સહકાર આપવા આહવાન કર્યું હતું તેમજ તેમણે શહેરના પડતર પ્રશ્નોને વાચા આપવા તથા સરકારમાં યોગ્ય જગ્યાએ રજુઆત કરવા સાથે આવવાની તત્પરતા દર્શાવી હતી. ત્યારબાદ ઉપસ્થિત વસાહતીઓ સાથે પ્રશ્નસેતુ કાર્યક્રમ યોજાયો હતો અને સર્વે એ રજુ કરેલ પ્રશ્નો જેવા કે સેકટરોના સરકારી દવાખાનાઓ ચાલુ કરવા, જાહેર તેમજ આંતરિક બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવી, સે-૫ના આંતરિક રસ્તાઓનું મરામત તેમજ સમારકામ વગેરેની માંગણી કરી હતી.

આ ઉપરાંત ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭ના સર્વે કોર્પોરેટરો રાકેશ પટેલ, જયરાજસિંહ વાઘેલા, હિરલ જોષી, ઉર્મિલ વર્મા તેમજ આમંત્રિત મહેમાનો મનુભાઈ મહેતા, મહેન્દ્રભાઈ ભાવસાર, પ્રદિપસિંહ બિહોલા તથા ગાંધીનગર દૂધ વાપરનાર મંડળીના મેનેજર નરહરદાન ગઢવી અને અન્ય અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનો આપ્યા હતા.

આ પ્રસંગે સર્વે વસાહતીઓ મોટી સંખ્યામાં હજર રહ્યા હતા અને અંતમાં વસાહત મંડળના મંત્રી બાબુભાઈ દેસાઈએ કાર્યક્રમનું સમાપન કર્યું હતું. અને સૌ અલ્પાહાર લઈ છૂટા પડયા હતા.

## સંથારા સહિત સમાધિપૂર્વક અરિહંતશરણ પામ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી ગિરિશભાઈ ઝાટકીયાના ધર્મપત્ની શ્રીમતી હંસાબેન ગિરિશભાઈ ઝાટકીયા ૨૬મી નવેમ્બર શનિવારના રોજ સાંજે ૭.૧૦ મિનિટે સંથારા સહિત અરિહંતશરણ પામ્યા હતા. સદગતની પ્રાર્થના સભા તા. ૧-૧૨-૨૦૧૬ ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સે-૨૨ ખાતે યોજવામાં આવી છે.

# આ પ્રદર્શન જોતાજ ગાંધીનગરની મુલાકાત લેવાનું મન થશે

**શહેરના પર્યાવરણ પ્રેમી તસવીરકાર નિકુંજ વૈશ્યકનું માત્ર બે વર્ષમાં ત્રીજું પ્રદર્શન : કુલ ૫૫ તસવીરો સાથેના પ્રદર્શનમાં ૪૦ તસવીરો તો ગાંધીનગરની**

ગાંધીનગર, તા.૨૮

માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં ગાંધીનગરના જાણીતા તસવીરકાર નિકુંજ વૈશ્યકનું ત્રીજું વૈયકિતક પ્રદર્શન યોજાયું છે. અમદાવાદની રવિશંકર રાવળ કલાભવન ખાતે આર્ટગેલેરીમાં તા. ૨૭મી નવેમ્બરે ખુલ્લા મુકાયેલા આ પ્રદર્શનમાં 'બર્ડઝ એન્ડ એનિમલ બિફોર કેમેરા' થીમ આધારિત કુલ ૫૫ તસવીરો રજૂ કરાઈ છે જેમાંથી ૪૦ તસવીરો તો માત્ર ગાંધીનગરની જ છે.





નિકુંજ વૈશ્યકના આ પ્રદર્શનને અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડયાએ ખુલ્લુ મુકયું હતું. 'આ પ્રદર્શનને જોતા જ ગાંધીનગરની મુલાકાત લેવાનું મન થાય' એવું જણાવતા નિકુંજ વૈશ્યકે પ્રદર્શનમાં એક નિલગાય તથા કાંકણસરની તસવીર થકી વન્ય જીવોને તળેલ પદાર્થો ન ખવડાવવા સાથે પર્યાવરણનું જતન કરવા અપીલ કરતી સૂચક તસવીરોનો પણ પ્રદર્શનમાં સમાવેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૫માં ગાંધીનગરના તસવીરકારોને સાથે લઈને પર્યાવરણ પ્રેમી નિકુંજ વૈશ્યકે 'નર્મદા કેનાલ સ્વચ્છતા અભિયાન' અંતર્ગત એક કાર્યક્રમ હાથ ધર્યો હતો. જેમાં તેમણે કોબાથી ઈન્દિરબ્રીજ જતી કેનાલ પરથી ૧૬ કોથળા ભરી પ્લાસ્ટિક વીણી તેનો યોગ્ય નિકાલ કર્યો હતો. પ્રદર્શનમાં નિકુંજ વૈશ્યકે ગાંધીનગરના ઈન્દ્રોડા, પ્રકૃતિ ઉદ્યાન, પુનિતવન, કોબા નર્મદા કેનાલ વગેરે સ્થળોની ૪૦ જેટલી સુંદર તસવીરો પ્રસ્તુત કરી છે. હજુ આગામી સમયમાં પણ નિકુંજ વૈશ્યક 'માય બ્યુટીફુલ ગાંધીનગર' થીમ પર ગાંધીનગરમાં પ્રદર્શન યોજવાનું આયોજન કરી રહ્યા છે જે પાટનગરવાસીઓ માટે અણમોલ નજરાણું બની રહેશે.

## રાજપૂત સમાજ દ્વારા પોલીસ ભરતીના ઉમેદવારો માટે શારીરીક કસોટી તાલીમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજપૂત સમાજના પોલીસ ભરતીની લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો માટે શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરના સહયોગથી શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સેક્ટર-૭ કાર્યાલય ખાતે શારીરિક તપાસ અને માપ તેમજ શારિરીક કસોટી માટે તાલીમનું આયોજન તા. ૧-૧૨-૨૦૧૬ના રોજ ૪ વાગે રાખેલ છે. તો સર્વે ઉમેદવારોએ સમયસર હાજર રહેવા જણાવાયું છે. તા. ૨-૧૨-૨૦૧૬થી ત્રણ અઠવાડીયા માટે નિયમિત દરરોજ રનીંગની તાલીમ આપવામાં આવશે. વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨-૨૬૪૪ દર્શાવેલ નંબર પર ફોન કરવા કાર્યાલય મંત્રીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ભોગીલાલ વિઠ્ઠલદાસ મોદી, ઉ.વ. ૮૦
- સ્વ. પુષ્પાબેન કચરભાઈ જાદવ, ઉ.વ. ૬૦
- સ્વ. નારણભાઈ સવજીભાઈ પટેલ, ઉ.વ. ૭૦
- સ્વ. સરદારજી શિવાજી ઠાકોર, ઉ.વ. ૫૮
- સ્વ. જીવણભાઈ મીઠાભાઈ મકવાણા, ઉ.વ. ૮૮